ગાંધીનગર સમાચાર
તા. ૨૧-૧૨-૨૦૧૩, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### 'આપ' નામનું ઈદં

સિત્તેર સભ્યોની દિલ્હી વિધાનસભામાં સાદી બહુમતીનો છત્રીસનો આંકડો એક પણ પાર્ટી ન આંબી શકી, કારણ કે મુખ્ય વિરોધ પક્ષ ભારતીય જનતા પાર્ટીની લગોલગ પ્રજાએ નવા શિખાઉ ચોખલિયા અને તરવરિયા આમ આદમીઓને પણ નવાજયા હતા. ખરું પૂછો તો આ ખંડિત જનાદેશ નથી, આ જનાદેશ સ્પષ્ટ રીતે નકારાત્મક જનાદેશ છે. મતદારોએ ક્યાંક કમળ ખીલવી દીધું તો કયાંક કેજરીવાલના ઝાડુ વડે કોંગ્રેસને સાફ કરી નાખી. ભાજપ આજ સુધી કોંગ્રેસનો એક માત્ર કુદરતી વિકલ્પ હતો, એને બદલે એક ત્રીજું પરિબળ ઓચિંતું જાણે વાંસના અંકુરની જેમ ધરતીના પેટાળમાંથી પ્રગટ્યું. પરંતુ હવે જ્યારે પ્રસ્તાપિત સંસદીય લોકતાંત્રિક પ્રણાલી મુજબ જાદુઈ આંકડો આંબવાની વાત આવી ત્યારે આ નવા રાજકીય પરિબળ દ્વારા એની મૂળ શરત રજૂ કરવામાં આવી: 'અમે કોઈનો ટેકો લઈશું પણ નહીં કે કોઈને ટેકો આપીશું પણ નહીં.' આવી ચોખલિયા વૃત્તિને ન વળગી રહે તો એમના ટીકાકારો તો ટાંપીને બેઠા હતા. ભાજપે ચૂંટણી પ્રચાર દરમિયાન આમ આદમી પાર્ટીને કોંગ્રેસની બી-ટીમ ગણાવી હતી તો વળી કોંગ્રેસ તો એને લેખામાં જ નહોતી લેતી. પરંતુ મતપેટીઓએ બેઉ મુખ્ય રાજકીય પક્ષોની બોલતી બંધ કરી દીધી. શરૂઆતમાં તો ભાજપ મુખ્યમંત્રીપદના ઉમેદવાર ભારે ઉત્સાહમાં હતા. ભાજપની નાણાંકોથળી નરેન્દ્ર મોદીના કબજામાં છે. એ ધારે તો ગણતરીના કલાકોમાં (દિવસોમાં નહીં) ખૂટતા ત્રણ-ચાર સભ્યો ખેરવી લઈ શકે એમ હતા. પરંતુ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી વખતે આવી ખરીદ-વેચાણ પ્રવૃત્તિ મોંઘી પડી જાય એમ લાગવાથી એ કાર્યક્રમ મોકૂફ રહ્યો. ઘોડે ચડેલા હર્ષવર્ધન છે ક કન્યાના માંડવેથી વીલે મોઢે પાછા ફર્યા. પોતે જરૂરી બહુમતી નહીં ધરાવતા હોઈ સરકાર રચીને વિધાનસભાના ફલોર ઉપર નામોશી વહોરવા તૈયાર નહોતા. તેથી બીજા નંબરે આવેલી આમ આદમી પાર્ટીના નેતા કેજરીવાલને સરકાર રચવાનું કહેણ મોકલાવાયું. કેજરીવાલ પણ હર્ષવર્ધન જેટલા જ મુખ્યમંત્રી બનવા થનગની રહ્યા હતા, પણ એમને તો ભાજપ કરતાં પણ ઓછી બેઠકો મળી હતી. ભાજપ એટલી હિંમત ન દાખવી શક્યું કે તે કેજરીવાલને ટપારીને કહે: ચાલો, આપણે ભેગા મળીને સરકાર બનાવીએ; એવી ઑફર અલબત્ત કિરણ બેદી મારફત જરૂર મોકલાવી પરંતુ કિરણ બેદી તો કેજરીવાલ સાથે કદાચ બોલવાનો ય સંબંધ ધરાવતાં નથી. કોંગ્રેસે વ્યૂહાત્મક ચાલ ચાલીને 'આપ'ને બિનશરતી ટેકો આપવાની વાત મૂકી પરંતુ કેજરીવાલ તો કોંગ્રેસને દઈ શકાય એટલી ગાળો દઈને ચૂંટણઈ જીત્યા છે. એમને કોંગ્રેસનો વિશ્વાસ થોડો બેસે? આખા બોલા કેજરીવાલે સામે પગલે ટેકો આપવા આવેલી કોંગ્રેસને ભાંડવાનું ચાલુ રાખ્યું અને કહ્યું કે અધવચ્ચે ટેકો પાછો ખેંચી લેવાનું તો કોંગ્રેસના લોહીમાં છે! આટલું ઓછું હોય એમ એમણે સોનિયા ગાંધીને અને રાજનાથસિંહને પોતાના તરફથી અઢાર શરતોનું લાંબું લિસ્ટ બઝાડી દીધું. હવે ટેકો આપવા આવનાર એવો મૂર્ખ થોડો હોય કે કેજરીવાલની શરતોએ માનભેર એમને ઘૂંટણિયે પડે? બેઉ મુખ્ય પક્ષોએ આ મુદ્દે કેજરીવાલને નાદાન કહી ઉતારી પાડ્યા છે. હર્ષવર્ધને તો સામેથી ચૌદ શરતો મૂકી છે. આમ આદમી પાર્ટી માટે છેક હોઠે આવેલો પ્યોલો ઢોળાઈ જાય એવી સ્થિતિ સરજાઈ રહી છે. આમ આદમીને ખુરશી તો ગમે છે, પણ એ શરતે જ કે બીજો કોઈ પક્ષ પોતાની સરકારને નડે નહીં, પોતે જે કંઈ સુધારા કરવા માગે છે તે કરવા દે. ટૂંકમાં એ સદનમાં વિરોધનો સૂર ઈચ્છતા જ નથી. દિલ્હીને પૂર્ણ રાજયનો દરજ્જો આપવા જેવી શરતો ઉપરાંત વીજળીના અડધો અડધ દર ઘટાડવા જેવી બાબતો, ખુદ ટેકેદાર પાર્ટીનાં કૌભાંડની તપાસ જેવા એમના મુદ્દાઓ પરત્વે વડાપ્રધાન મનમોહનસિંહે મોઘમમાં કહી દીધું છે કે જે પૂરાં ન કરી શકાય એવાં વચનો આપવામાં કોંગ્રેસ નથી માનતી. છતાં એમની અઢારે શરતો સામે કોંગ્રેસને કોઈ વાંધો નથી. કોંગ્રેસના આવા વિધાયક વલણનું કારણ ખુદ કેજરીવાલ જાણે છે. એ પ્રજા સમક્ષ લોકશાહીમાં માનનારા અને લોકોનો ચુકાદો માથે ચડાવનારા પક્ષ તરીકેની એક મૂઠી ઊંચેરી ઈમેજ સાથે રાહુલબાબાના યુવા નેતૃત્વ હેઠળ આગામી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ઊતરવા માગે છે. તેથી અત્યારે દિલ્હીમાં પોતાને નામશેષ કરનારા નવલોહિયાઓને પણ પોતે ખભે બેસાડી શકે છે, એવો સંદેશ જશે, જે દેશભરમાં કોંગ્રેસની ધૂંધળી બની ગયેલી ઈમેજને સુધારવામાં મદદરૂપ નીવડશે. બીજી તરફ આમ આદમી પાર્ટી અંદરથી તો સત્તા પર આરૂઢ થવા ઉત્સુક છે જ, પરંતુ જનમત ઉઘરાવીને અમે તો પ્રજાની ઈચ્છાને માન આપીને સરકાર બનાવવાનું સ્વીકાર્યું છે, પ્રજા પર બીજી વાર તત્કાળ ચૂંટણીનો બોજ ન આવે, એ માટે અમે આ લઘુમતી સરકાર બનાવવા સંમત થઈએ છીએ, એવી એ છાપ ઊપસાવવાનો પ્રયાસ કરી રહેલ છે. દિલ્હીના ઉપરાજયપાલે તો ત્રિશંકુ વિધાનસભા અને ખંડિત જનાદેશમાં કોઈ પાર્ટી સરકાર બનાવવા તૈયાર ન હોઈ રાષ્ટ્રપતિ શાસન માટેની ભલામણ કરી જ દીધી છે. પરંતુ છેક હોઠ લગી આવેલો સત્તાનો અમી પિયાલો ઢોળાઈ ન જાય તે માટે કેજરીવાલ હવે વિવિધ સંચાર માધ્યમો મારફત દિલ્હીનો જનમત જાણી પોતે સોમવાર સુધીમાં સરકાર રચવા અંગે નિર્ણય કરશે, એવું નાટક ચલાવી રહ્યા છે. પોતે પલાયનવાદી પણ નથી તેમ સત્તાલાલચુ પણ નથી, એવી છાપ ઉભી કરવા માગતા કેજરીવાલની બાંધી મૂઠીનો ભ્રમ સચવાઈ જશે કે કેમ એ તો સમય જ કહેશે. દરમિયાન કેન્દ્રના ગૃહમંત્રાલયે તો દિલ્હીના ઉપરાજયપાલને જણાવી જ દીધું છે કે અનિશ્ચિત કાળ સુધી સરકાર બનાવવા માટેની મહેતલ નહીં આપી શકાય. અર્થાત્ રાષ્ટ્રપતિ શાસન માટે તૈયાર રહો!

કોરસ થીયેટર અને એશિયા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

## કનૈયાલાલ મુનશીની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે તેમણે લખેલા નાટકોની રજૂઆત

અમદાવાદ, તા. ૨૦

કોરસ થીયેટર ગૃપ અને એશિયા ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત આયોજનથી કનૈયાલાલ મુનશીની ૧૨૫મી જન્મજયંતિ પ્રસંગે તેમના દ્વારા લખાયેલ બે નાટકો 'કાકાની શશી' અને 'ધ્રુવસ્વામિની દેવી' અનુક્રમે તા. ૨૮મી ડિસેમ્બર અને ૨૯મી ડિસેમ્બરે યોજાનાર છે. આ બંને નાટકો જે.જી. ઈન્ટરનેશનલ સ્કૂલના ઓડીટોરિયમમાં સાંજે ૭.૩૦ વાગે રજૂ થશે.

કનૈયાલાલ મુનશીની ૧૨૫મી જન્મજયંતિએ તેમને સ્મરણાંજલિ અર્પવાના ઉદ્દેશથી ગુજરાત રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ અને ગુજરાત સંગીત નૃત્ય નાટક અકાદમીના સહયોગથી કોરસ થીયેટર અને એશિયા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આ કાર્યક્રમ હાથ ધરાયો છે. આ બંને નાટકોમાં કુલ મળીને પચ્ચીસેક કલાકાર-કસબીઓ તેમની જાજરમાન રજૂઆત કરનારા છે. આ નાટકોમાં સોલારોડ પર આવેલા ગુલાબ ટાવરની પાસેના જેજી કેમપ્સમાં આવેલા ઓડીટોરિયમમાં વહેલા તે પહેલાના ધોરણે નિઃશુલ્ક પ્રવેશ મેળવી શકાશે.



આજરોજ કિડ્ઝ પ્રાયમરી સ્કૂલ દ્વારા અભ્યાસ કરતા બાળકોને શહેરમાં આવેલી મધુરડેરીની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં બાળકોએ ડેરીમાં કરવામાં આવતી કામગીરીને નજદિકથી નિહાળી આનંદિત થઈ ગયા હતા.

## ગાંધીનગરમાં જોસેફ મેકવાન સંપાદિત 'દીકરી હેતની હેલી' વિશેષાંકના ગ્રંથાવતારનું લોકાર્પણ

**મંત્રીશ્રી રમણલાલ વોરા, સર્જકો સર્વ શ્રી મણિલાલ હ. પટેલ, ભાગ્યેશ જ્હા, પ્રવીણ ગઢવી, ગાંધીનગર મ્યુ. કમિશનર શ્રી એલ.પી. પાડલિયા ઉપસ્થિત રહેશે**

ગાંધીનગર, તા.૨૦

સર્વોચ્ચ ભારતીય સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા અને ગુજરાતના અગ્રીમ સર્જક સ્વ. શ્રી જોસેફ મેકવાને ૨૦૦૫માં સંપાદિત કરેલા 'સમાજમિત્ર' સામયિકના 'દીકરી હેતની હેલી' વિશેષાંકના ગ્રંથાવતારનું લોકાર્પણ તા. ૨૨-૧૨-૨૦૧૩ને રવિવારે, ઓડિટોરીયમ-સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સે-૧૭, ગાંધીનગર ખાતે સવારે ૧૦.૩૦ કલાકે યોજાયું છે. જેનું લોકાર્પણ રાજયના સામાજીક ન્યાય-અધિકારિતા, રમત ગમત અને યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રીશ્રી રમણલાલ વોરાના વરદ્ હસ્તે સંપન્ન થનાર છે.

ગુજરાતી દલિત સાહિત્યની સેવા અર્થેના આ મહત્વપૂર્ણ લોકાર્પણમાં જોસેફ મેકવાનના પરમ મિત્ર અને લબ્ધપ્રતિષ્ઠિ સાહિત્યકાર શ્રી મણિલાલ હ. પટેલ સહિત ખ્યાતિપ્રાપ્ત કવ સિર્જક શ્રી ભાગ્યેશ જહા, ગુજરાત દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને ખ્યાતિપ્રાપ્ત સર્જક કવિશ્રી પ્રવીણ ગઢવી તથા ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી એલ.પી. પાડલિયા ખાસ ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે 'દીકરી હેતની હેલી' ગ્રંથમાં પચાસ જેટલા દલિત માતા-પિતા એવા સર્જકોએ એમની દીકરીઓ વિશે પોતાની સંવેદનાઓ વ્યકત કરી છે. 'દીકરી હેતની હેલી' વિશેષાંક જે હવે ગ્રંથ રૂપે પ્રકાશિત થયો છે તેનું સંપાદન નટુભાઈ પરમારે કર્યું છે.

આ લોકાર્પણમાં ઉપસ્થિત રહેવા શ્રી ચંદ્રવદન જોસેફ મેકવાન અને શ્રી નટુભાઈ પરમારે સૌ સાહિત્ય ભાવકો-રસિકોને જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.



શહેરના સે-૨૫માં આવેલી માતંગી સર્વ વિદ્યાલયમાં શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. માતંગી વિદ્યાલયના પટાંગણમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંગીત-ખુરશી, લીંબુ ચમચી, ગોળા ફેંક, લાંબી કૂદ, ત્રિપગી દોડ, કોથળા દોડ અને દોરડા કૂદજેવી સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

### લેકાવાડાની ચૈતન્ય સ્કૂલમાં આજે કાર્નિવલ ૨૦૧૩ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર લેકાવાડા ખાતે આવેલી ચૈતન્ય સ્કૂલમાં બે દિવસીય કાર્યક્રમ ચૈતન્ય પ્રોજેક્ટ પ્રદર્શન અને ચૈતન્ય કાર્નિવલ-૨૦૧૩નું આયોજન કરાયું છે. આ કાર્યક્રમનો આજે સાંજે ૪ વાગે પ્રદર્શનથી પ્રારંભ થયો હતો. તેમજ આવતીકાલે કાર્નિવલ યોજવામાં આવશે. શ્રી વિદ્યાનિકેતન ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ સ્કૂલમાં આ કાર્યક્રમ દર વર્ષે યોજાય છે અને આજે પ્રોજેક્ટ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગાંધીનગર ખાતે આંજણા સમાજનો સ્નેહમિલન સમારોહ ૨૯મીએ યોજાશે

ગાંધીનગર શહેરમાં વસતા આંજણા (ચૌધરી) સમાજના સ્નેહમિલન સમારોહ ડિસેમ્બર ૨૯ને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ગાંધીનગર-માણસા રોડ ઉપર આવેલ પરંપરા ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ ખાતે યોજાશે. સ્નેહમિલન સમારોહમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ વર્ગ-૧ના અધિકારીશ્રીઓ તેમજ ખાસ એવોર્ડ વિજેતાશ્રીઓનું સન્માન સમારંભના અધ્યક્ષ અને રાજ્ય કક્ષાના આરોગ્ય મંત્રી શ્રી પરબતભાઈ પટેલના હસ્તે કરવામાં આવશે. સ્નેહમિલન સમારોહમાં પાસ મેળવી સહકુટુંબ પધારવા આંજણા (ચૌધરી) સેવા મંડળ, ગાંધીનગર દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

### રન ફોર યુનિટિ કાર્યક્રમ અંતર્ગત સ્પર્ધાઓ યોજાઈ

શેઠ સી.એમ. હાઈસ્કુલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ સે-૨૩ ખાતે રન ફોર યુનિટિ અંતર્ગત નિબંધ, ચિત્ર અને વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. સરદાર પટેલના નિર્વાણ દિન નિમિત્તે સમગ્ર દેશમાં રન ફોર યુનિટિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે અંતર્ગત શેઠ સી.એમ. હાઈસ્કૂલ ખાતે નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. ચિત્ર સ્પર્ધામાં ધ્રુવીસિંહ રાઠોડ, મંથન શ્રીમાળી, કૃણાલ પટેલ, નિબંધ સ્પર્ધામાં તસ્યમ પટેલ, રોનક રાવલ, નિલય પટેલ, મલવ પટેલ અને વકતૃત્વ સ્પર્ધામાં હિરેન વાઘેલા, પાર્થ પટેલ, લખન ઠકકર વિજેતા બન્યા હતા.

### હરિની દૃષ્ટિ...



સીએનજી ઘટાડા બાદ જોઇએ રીક્ષા યુનિયનવાળા ભાવ ઘટાડવા આંદોલન કરે છે કે આને સાહજીક્તાથી લે છે...!!

## નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીએ ગોલ્ડ મેડલ મેળવ્યો


ગાંધીનગર, તા.૨૦



ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલ તરણ સ્પર્ધામાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત સી.એમ. પટેલ કોલેજની વિદ્યાર્થીનીએ ગોલ્ડ મેડલ મેળવ્યો છે.

શહેરના સે-૧૨માં આવેલી સી.એમ. પટેલ નર્સિંગ કોલેજની વિદ્યાર્થીની ઉષા પટેલે ખેલ મહાકુંભની તરણ સ્પર્ધામાં ૧૦૦ મી. બેક સ્ટ્રોકમાં ગોલ્ડ મેડલ અને ૧૦૦ મી. ફ્રી સ્ટાઈલમાં સિલ્વર મેડલ મેળવ્યો છે. નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીને મેડલ મળવાથી આચાર્ય અને શિક્ષક ગણે અભિનંદન પાઠવ્યા છે.

## સદ્‌વાંચન પરિવાર તપોવન સંસ્કારપીઠની મુલાકાતે



ગાંધીનગર, તા. ૨૦

સદ્‌વાંચન પરિવાર ગાંધીનગર દ્વારા તપોવન સંસ્કારપીઠની મુલાકાત લઈ શાળાના વિદ્યાર્થીઓને જીવનમાં ઉપયોગી સદ્‌વાંચનના પુસ્તકો ભેટ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. શહેરમાં સદ્‌વાંચન પરિવાર દ્વારા ગત તા. ૧૯ ડિસેમ્બરના રોજ કોબા ચાંદખેડા રોડ પર આવેલ તપોવન સંસ્કારપીઠની મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમ્યાન અહિયાં અભ્યાસ કરતા બાળકોને પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને જીવનમાં અતિ ઉપયોગી પુસ્તકો અને અંગ્રેજીની ડિક્સનરી વિનામૂલ્યે પવિત્ર યાત્રાધામ વિકાસબોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદીના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા. મુલાકાત દરમ્યાન શ્રી ત્રિવેદીએ પોતાનો ભૂતકાળને વાગોળ્યો હતો. તેમણે અહિંયા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનએ તપસ્વી સાથે સરખાવ્યા હતા. ખરેખર તપોવન જોવું હોય તો તપોવન વિદ્યાપીઠની મુલાકાત લેવા જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં સદ્‌વાંચન પરિવારના શિવશંકર દવે, ડૉ. રશ્મિકાંત મહેતા, બિપિનભાઈ મહેતા, તપોવનના આચાર્ય શિક્ષકગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## એકવાર એક બનાવ બન્યો તે બનાવનું કારણ શોધીને એવા કારણો ઉભા ન થાય તે બાબતે સામાજિક ચેતના પ્રગટાવવી એ જરૂરી તત્વ છે

**મહિલા સમાજ અને કાયદો**
**અંક-૨૩**
**ડો. ભાવના કે. જોશીપુરા**

આપણે ગત્ અંકમાં બહેન કથાની ચર્ચા કરી રહ્યા હતા. ઘરની ચાર દિવાલ વચ્ચે સ્ત્રીઓને થતાં ત્રાસ બાબતે માત્ર પત્ની જ ફરિયાદ કરી શકે એવું નથી. ઘરની ચાર દિવાલ વચ્ચે માત્ર પતિ પત્ની જ વચ્ચે તકરાર ઉભી થાય તેવું પણ નથી, કહેવાનો અર્થ એ છે કે એક ઘર જેમાં રહેતું એક કુટુંબ અને તેમાં રહેતા સ્ત્રી સભ્યો પૈકી કોઈપણ સ્ત્રી સભ્યોને કોઈપણ પ્રકારે ઉભો થતો ત્રાસ એ કૌટુંબિક હિંસા છે.

આપણે સહુ માહિતગાર છીએ કે, હાલમાં બે પ્રકારના બનાવો જુદા જુદા સ્વરૂપે જોવા મળ્યા. આ પ્રકારની ઘટનાઓ એ આજના યુગમાં જ બને છે તેવું નથી. જે ઘટનાઓ સંદર્ભે અમો વાત કરવા માંગીએ છીએ તે ઘટનાઓને વાચક વર્ગને ટૂંકમાં જણાવું તો,

દિલ્હીના કોઈ એક અંતરીયાળ વિસ્તારમાં અપંગ બહેનો ખાધા પીધા વગરની ઘરમાં પડી રહી છે કોઈ સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિએ પોલીસને જાણ કરી. આ બહેનોની આવી સ્થિતિ કેમ થઈ? બીજા એક બનાવમાં અપરમાતાએ સાવકી બાળકીઓને પૂરતું પોષણ પૂરું ન પાડ્યું, એ દિકરીની ઉંમરને પણ ધ્યાને લીધા વગર તેની પાસે સખત કામ કરાવવામાં આવે અને અંતે આ દિકરીઓ ઘરેથી ભાગી ગઈ અને કોઈક સંબંધીના ઘરે પહોંચી ગઈ. પ્રથમ તો એવી જ બાબત પ્રકાશમાં આવી કે આ દિકરીઓ નાની વયમાં ખોટું પગલું ભરી બેઠેલ છે. પરંતુ તપાસ કરતા આ બાળકીઓ સંબંધીઓના ઘરે સલામત હતી. દિકરીઓને પોલીસ સ્ટેશને લઈ જવામાં આવી અને જ્યારે માતા-પિતાને સોંપવાની વાત થઈ ત્યારે દિકરીઓએ ઘરે જવાની સખ્ત મનાઈ કરી દીધી. દિકરીઓએ ઘરે જવાનું ના પાડવાનું કારણ પોલીસ વારંવાર પૂછતી હતી. આ દિકરીઓ પોલીસ સ્ટેશનમાં રડ્યા કરે અને ઘરે જવાની ના પાડે. દિકરીઓની ઉંમર પુખ્ત વયની નથી અને એ રીતે જોતા તેમનું કાયદેસરનું વાલીપણું એ તો પિતાનું ગણી શકાય. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે આ પ્રકારના બનાવોમાં પોલીસ અદાલતનું માર્ગદર્શન મેળવે છએ. આ પ્રકારના ગંભીર બનાવો બને ત્યારે સામાજિક સંસ્થાના કાર્યકરને પણ બોલાવવામાં આવે છે. આ પ્રકારની ઘટનાથી વધારે વ્યથિત એટલા માટે થવાય છે કે એક દિકરી પોતાના પિતાના ઘરે જવા રાજી નથી. આવી કોઈ એક દિકરીની બાબત નથી. આવી તો અનેક દિકરીઓની અનેક કથનીઓ પ્રકાશમાં આવવાની બાકી છે. થોડાક સમય પહેલાની જ એક ઘટના યાદ કરું તો,

રમીલાબેન અચાનક અમોને મળે છે અને જણાવે છે કે તેઓની બાજુના ઘરમાં એક દિકરી ખૂબ હેરાન થાય છે. પહેલા તો એમોને આ બાબત બહુ ગળે ઉતરતી નથી. આજુબાજુમાં તપાસ કરતા કોઈ સાચો જવાબ દેવા તૈયાર નથી. લગભગ થોડા જ સમયમાં રમીલાબેનની બાજુમાં રહેતા એક ભાઈ પોલીસ સ્ટેશને જઈને તેજ બાળકી અંગે પોલીસને માહિતગાર કરે છે પોલીસ સ્ટેશનથી અમારો સંપર્ક કરવામાં આવે છે. પોલીસનો ક્રાઈમ વિભાગ, કુટુંબ સલાહ કેન્દ્રના કાઉન્સીલર અને અમો બધા સાથે મળવાનું થાય છે. ભોગ બનનાર બાળકીને મળવું જરૂરી લાગે છે. મહિલા પોલીસ સામાજિક કાર્યકર સાથે ભોગ બનનાર બાળકી પાસે તેણીના ઘરે પહોંચે છે. અકસ્માતે માતા-પિતા હાજર નથી અને બાળકીનો ભાઈ ઘરમાં હાજર છે અને શાળાએ જવાની તૈયારી કરે છે. દિકરીને જ્યારે ખબરઅંતર પૂછવામાં આવે છે ત્યારે તેણી ખૂબ રડી પડે છે. એ દિકરી પુખ્ત વયની નથી છતાં તેણીની ફરિયાદને આધારે તેણીના જ ઘરમાંથી મહિલા પોલીસ સ્ટેશને લઈ આવવામાં આવે છે.

નાની વયના બાળકોને પોલીસ, અદાલત વગેરે ડર ન રહે અને પોલીસ મિત્ર તરીકે ફરજ બજાવે તે પ્રકારની કાયદેસર વ્યવસ્થા ઉપલબ્ધ છે. મહિલા પોલીસ સ્ટેશનથી એ દિકરી કનકને કેન્દ્ર પર લઈ જવામાં આવે છે. એ દિકરી જણાવે છે કે એ દિકરીને પુરું જમવાનું આપવામાં આવતું નથી. ભાઈને ચોકલેટ, પેંડા, નાસ્તો બધુ આપે તો બહેન કનકને આ બધું જોઈને રડવું આવે. કનકની ઉંમર માત્ર ૬ કે ૭ વર્ષની અને અને ઘરમાં કચરા પોતા કરવાના અને અન્ય નાનું મોટું કામ પણ કરવાનું. આ કિસ્સામાં ઊંડી તપાસ કરતા ખબર પડી કે કનક રાજસ્થાનમાંથી ગેરકાયદેસર રીતે દત્તક લવાયેલી બાળકી હતી. કનકના દત્તક માતા-પિતાએ કરેલું અસભ્ય વર્તન અને ઝઘડો વર્ણવવો અહીં અસ્થાને છે, પરંતુ કહેવાનો અર્થ એ છે કે સાવકી મા હોય કે દત્તક મા હોય એ તમામ દિકરીઓની તો લાંબી કથા વ્યથા છે, પરંતુ સાવકી માએ આપેલો ત્રાસ એ અગત્યની બાબત છે. આ મુદ્દો જ્યારે ચર્ચી રહ્યા છીએ ત્યારે એવો વિચાર આવે કે આ સમાજમાં અનેક લોકો અનાથ બાળકોને મદદરૂપ થવા માટે અનેક પ્રયત્નો કરી રહ્યા છે, જ્યારે એ સમાજની બીજી બાજુએ એક સગો પિતા પોતાની દિકરીની કાળજી અને સારસંભાળ રાખવામાં બેદરકારી રાખે છે. આ એક સામાજિક ચિંતનનો વિષય છે. ત્રીજી એક એવી બાબત બની છે કે,

એક સ્ત્રીએ પોતાના પતિની છત્રછાયા ગુમાવતા એકલી પોતાની દીકરી સાથે રહે છે અને તેણીનો કથિત પ્રેમી દિકરીની આબરૂ લેવાની કોશિષ કરે છે. આ ઘટના કેટલી હદે ગંભીર સ્વરૂપની છે તે બાબત માત્ર આ બાબત સહનકરનાર દિકરી અને આખું દિકરી જગત જ સમજી શખે. આ ત્રણ ઘટનાઓનો ટૂંકમાં ઉલ્લેખ માત્ર સમાજમા બનતા બનાવોથીવાચકવર્ગને વાકેફ કરવાનો નથી. પરંતુ સાથે સાથે આપણા વિસ્તારમાં, આપણી આજુબાજુ આપણા ગામમાં કે શહેરમાં કયાંય પણ કોઈપણ બાબતની માહિતી મળે કે છાને ખૂણે કોઈ દિકરી પર અત્યાચાર થઈ રહ્યો છે અથવા તો દિકરીનું શોષણ ઘરમાં જ થઈ રહ્યું છે તો તેવા સંજોગોમાં તાત્કાલીક સંવેદનશીલ મહિલા સંસ્થા, અથવા તો નજીકના કોઈપણ પોલીસ સ્ટેશને તુરંત જ જાણ કરવી.

આ બધા બનાવોની પાછળ દરેક વ્યક્તિ ઊંડી ચિંતા અને લાગણી વ્યકત કરે તે સ્વાભાવિક બાબત છે. પરંતુ ખરા અર્થમાં બનતી ઘટનાઓ સંદર્ભમાં ચિંતન આવશ્યક તત્વ છે. ઘટનાઓ બનવાનું કારણ શોધવું, આવી ઘટનાઓ બનવાના કારણો સંદર્ભ ઉંડી તપાસ કરવી, જે કારણો ઉભા થયા હોય તેના મૂળમાં જવું એ બધી બાબતો જરૂરી છે. એકવાર એક બનાવ બન્યો તે બનાવનું કારણ શોધીને એવા કારણો ઉભા ન થાય તે બાબતે સામાજિક ચેતના પ્રગટાવવી એ જરૂરી તત્વ છે.

ફરીથી આપણે આગળ ચર્ચા કરેલા સંદર્ભમાં આગળ વધી એ તો, એક બાબત એવી લાગે છે કે જ્યારે પતિ અને પત્ની વચ્ચે કોઈ મતભેદ થાય અને એ બંને વચ્ચે તકરાર ઉભી થયા બાદ કેટલાક કેસોમાં પતિ-પત્ની કોઈપણ સંજોગોમાં એકબીજા સાથે રહેવા માંગતા નથી. જ્યારે લગ્ન જીવનને કારણે જો પરિવારમાં સંતાનો હોય અને તેમાં પણ સ્ત્રી સંતાન હોય એટલે કે દિકરી સંતાન હોય તો તે બાબતે પતિ-પત્નીએ છૂટા પડતા પહેલા ગંભીરતાપૂર્વક વિચાર કરવો જોઈએ. આંગળીયાત દિકરી અને દિકરાઓના અનેક પ્રશ્ન ઉભા થતા અનેક વાર જોયા છે. એક કેસમાં તો એક પતિ-પત્ની કોર્ટમાં ચાર પાંચ બાળકો સાથે આવેલા જયારે તેઓ વચ્ચેનો પ્રશ્ન સાંભળ્યા ત્યારે,

જીવતી અને મોહનના આ ત્રીજા લગ્ન હતા, જીવતીના આગલા બે લગ્નજીવનના એક એક બાળક અને મોહનના આગલા એક એક બાળકો એમ મળીને કુલ પાંચ બાળકો સાથે જીવતી અને મોહનને મળવાનું થયું. જીવતી અને મોહન વચ્ચેનો મુખ્ય પ્રશ્ન એકબીજાના બાળકોને પોતાના ગણતા ન હતા. પરદેશમાં આ પ્રકારની ઘટનાઓ બહુ સામાન્ય હોય છે પરંતુ આ આપણા દેશમાં આ પ્રકારના બનાવો ખૂણે ખાંચે જોવા મળતા હશે. જીવતીને મોહનને બાળકો વ્હાલા ન હતા. મોહનને જીવતાના બાળકો પ્રત્યે કોઈ લગાવ ન હતો, વળી આશ્ચર્યની વાત તો એ હતી કે એ પાંચ બાળકોને અંદરોઅંદર કોઈ કજીયો નહતો.

ડોમેસ્ટીક વાયોલન્સ એકટમાં રક્ષણ અધિકારીએ બનેલ બનાવ સંદર્ભમાં એક રીપોર્ટ તૈયાર કરવાનો હોય છે અને સેવા પૂરી પાડનાર સંસ્થાએ તેમાં મદદરૂપ થવાનું હોય છે. આ પાછળનો ઉદ્દેશ્ય તેમજ જીવતી, મોહનના કેસ બાબતે તથા કાયદા સંદર્ભે વધુ જાણવા મળીએ આવતા અંકે...

**નાની વયના બાળકોને પોલીસ, અદાલત વગેરે ડર ન રહે અને પોલીસ મિત્ર તરીકે ફરજ બજાવે તે પ્રકારની કાયદેસર વ્યવસ્થા ઉપલબ્ધ છે**